પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail

एक कदम स्वच्छता की ओर

# -: જાહેરનામું :-

## જી.પી.એક્ટ કલમ-૩૩(થ), (ય) અન્વયે કાઢેલ હુકમ :-

ક્રમાંક:એસ.બી./૩૧ ડીસેમ્બર /૨૦૩ /૨૦૨૨

સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં દર વર્ષે ૩૧ ડીસેમ્બર ના દિવસે ચાલુ વર્ષની વિદાય અને નવા વર્ષને આવકારવાના હેતુથી અલગ-અલગ પ્રકારે ૩૧ ડીસેમ્બરની ઉજવણી પણ થતી હોય છે, આવા પર્વની ઉજવણીની આડમાં અસામાજીક કૃત્યોને બંધ કરાવવા ખુબજ જરૂરી હોવાથી આગામી તા.૩૧ ડીસેમ્બર ૨૦૨૨ ની વિદાય અને સને.૨૦૨૩ ના વર્ષને આવકારવાના હેતુ થી થતી તમામ ઉજવણી જગ્યાના આયોજકોએ અથવા તો માલીકોએ કાર્યક્રમ પુર્વ જરૂરી મંજુરી પોલીસ કમિશ્નર કચેરી, લાયસન્સ શાખા ખાતેથી મેળવી લેવા અંગે ઉચિત અને અનિવાર્ય જણાય છે.

વાસ્તે હું અજયકુમાર તોમર , I.P.S., પોલીસ કમિશ્નર, સુરત શહેર, જી.પી.એક્ટ કલમ-૩૩(થ), (ય) ૧૩૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનાં કૃત્યો કરવા ઉપર આથી પ્રતિબંધ ફરમાવું છુ.

### પ્રતિબંધિત કૃત્યો :-

(૧) જાહેર રોડ પર કે જાહેર જગ્યાઓ પર ફટાકડા ફોડવા પર.

(૨).આ ઉજવણીના ભાગરૂપે જાહેર માર્ગો ઉપર બેફામ બાઈક ચલાવવા તથા બાઈકના સ્ટંટો કરવા તેમજ ફોર વ્હીલરના બોનેટ ઉપર બેસવા કે ઉભા રહેવા તથા ડીકી ખોલીને બેસવા પર.

(૩) જાહેરમાં એકબીજા પર પાણી ઉડાડવા કે પાણીની બોટલો ફેકવા પર.

(૪) તલવાર કે મોટા ચાકુથી કેક કાપવા પર.

(૫) ઉજવણીવાળી જગ્યામાં કે જાહેર રોડ ઉપર ઉજવણીના ભાગરૂપે જોર-જોરથી માઈકો વગાડવા ઉપર.

(૬) પાનના ગલ્લા/ ચાની લારી ઉપર ચાર કે ચાર કરતા વધુ વ્યક્તિઓ ભેગા થવા પર, ટ્રાફિકને નડતર થાય તે રીતે ટોળા બનાવીને ઉભા રહેવા પર.

(૭) પ્રતિબંધિત માદક પદાર્થો વેચવા તેમજ સેવન કરવા પર.

(૮) દર્દીઓ, સીનીયર સીટીજનો કે રહીશોને પરેશાની થાય તેવો ઘોંઘાટ કે મોટા અવાજે મ્યુઝિક વગાડવા પર.

(૯) બાઇક તથા ફોર વ્હીલરના મોટા અવાજે હોર્ન વગાડવા તથા મોઢાથી વ્હીસલ કે પિપુંડા વગાડવા પર.

(૧૦)ટ્રાફિકને અડચણ થાય તેવા પાથરણાવાળા કે ફુટપાથ પર ફેરીયાઓને વેચાણ કરવા તથા ટોળા વળીને ઉભા રહેવા પર.

### :: આયોજકોએ અનુસરવાની કાર્યપધ્ધતિઓ ::

(૧) ફાર્મ હાઉસ/ પાર્ટી પ્લોટ/ મોટા મોલ તથા તમામ ઉજવણી સ્થળોના ગેટ ઉપર ફરજીયાત નાઇટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે,

(૨) ફાયર સેફ્ટીની તમામ સુવિધાઓ ફરજીયાત રાખવાની રહેશે.

(૩) ઉજવણી સ્થળોએ પ્રતિબંધિત કૃત્યો કે માદક પદાર્થો કે કેફી પિણાઓનો ઉપયોગ ન થાય તે તમામ જવાબદારી આયોજકોની રહેશે.

(૪) તમામ પાર્કિંગ સ્થોળોએ પ્રાઇવટ સિક્યુરીટી તથા ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે,

-: **પ્રતિબંધિત વિસ્તાર** :-

સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર

**પ્રતિબંધિત સમય** :-

જાહેરનામાનો અમલનો તા.૩૦/૧૨/૨૦૨૨ ના કલાક ૦૦:૦૦ થી તા.૦૧/૦૧/૨૦૨૩ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

:: **શિક્ષા** ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય, આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર, પોલીસ કમિશ્નરના કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ.૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૩૦/૧૨/૨૦૨૨ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨ સુરત શહેર.

(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.

(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

**સવિનય નકલ રવાના** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭). વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત)

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત)

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત. (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)